# 3. ઘડતર



**પ્રતાપસિંહ હ. રાઠોડ ‘સારસ્વત’**

**જન્મ : 1-6-1941**

કવિ પ્રતાપસિંહ હરિસિંહ રાઠોડનું વતન સાબરકાંઠા જિલ્લાનું સીતવાડા ગામ છે. તેઓ શિક્ષક અને આચાર્ય તરીકે નિવૃત્ત થયા છે. ‘મથામણ’ અને ‘વાછરોટ’ એમના કાવ્ય-સંગ્રહો છે. ‘જવારા’ એમનું લોકસાહિત્યનું પુસ્તક છે. એમણે એક નવલકથા પણ આપી છે.

‘‘ઘડતર’ સૉનેટમાં શાળાને તીર્થ સાથે સરખાવી છે. શાળા વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ કરે છે, તો સાથેસાથે વિશ્વબંધુત્વ, સમભાવ, પર્યાવરણપ્રીતિ, વિનય, વિવેક, સામાજિક મૂલ્યોની જાળવણી સાથે મૌલિક મૂલ્ય સ્થાપનની પ્રેરણા પૂરી પાડે છે. મા-બાપના જેવું જ વરદ્-તીર્થ એવી શાળાની મંગલકથા - ઘડતરપ્રથા ચિરસ્થાયી રહો, એવો આદર ને પ્રેમ આ સૉનેટમાં વ્યક્ત થયો છે.

જવાને શાળામાં મન થનગને મોર થઈને;<br>
જતા નિત્યે પ્રીતે દફતર ભરી સજ્જ થઈને.<br>
મળેલા સંસ્કારો સભર ભરી માનીય મમતા;<br>
ઉમેરાતાં એમાં નિતનિત નવાં ભાવ-ક્ષમતા.<br>
ભણી નોખા-નોખા વિષય મળતી દૃષ્ટિ નવલી;<br>
અને યોગે-ધ્યાને કસરત કરી, કાય કસવી.<br>
પછી ચિત્તે હૈયે મન પર પડી, ભાત ઉમદા;<br>
ખરે વિદ્યા સોહે વિનયભર વ્યવહાર કરતાં !<br>
વિવેક આનંદે સમરસ થશે જીવન-લીલા;<br>
સમાજે ચીંધેલા નિયમ, ભરવાં મૂલ્ય નવલાં.<br>
ભૂંસાયા ભેદો સૌ હૃદય જગબંધુત્વ ભજશું;<br>
પશુ, પંખી વૃક્ષો સહુય-સહ-અસ્તિત્વ રચશું.<br>
ઉછેર્યાં મા બાપે પણ અવર, તું, તીર્થ વરદા;<br>
ટકી રહે તારી મા ! ઘડતરપ્રથા, મંગલકથા !

## • શબ્દસમજૂતી

**થનગને** નાચે **નિત્યે** હંમેશાં **નોખા નોખા** જુદા-જુદા **દૃષ્ટિ** નજર **નવલી** નવી **કાય** કાયા, **કસવી** પરખ કરવી, ચકાસણી કરવી. **ચિત્તે** મને, ચિત્તથી **ખરે** ખરેખર **સોહે** શોભે **વ્યવહાર** આચરણ, વ્યવહાર **ભૂંસાયા** નાશ પામ્યા **અવર** બીજા **વરદા** વરદાન આપનાર, કૃપાળુ